આંક–૦૭

**મે.મજુર અદાલત, અમદાવાદના પ્રિસાઈડિંગ ઓફિસર શ્રી એચ.કે.મેરીયા સાહેબ સમક્ષ**

**રેફરન્સ (T) નંબર : ૧૨૫/૨૦૨૧**

પ્રથમ પક્ષકાર : માલિકશ્રી,
ઓસ્ટીન પ્રોફાઈલ કટીંગ
૧૪,રેવાભાઈ એસ્ટેટ, વિભાગ–૨,સીટીએમ મીલ પાસે,
અમરાઈવાડી,અમદાવાદ

**વિરૂધ્ધ**

બીજા પક્ષકાર : ભરતભાઈ બાબુભાઈ ઠાકોર
C/o, જનરલ એન્જીનીયરીંગ મજદુર યુનિયન,
બી/૨૦૯,સરદાર પટેલ ચેમ્બર્સ, વિ.૨ બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં,
વસંતચોક,લાલદરવાજા,ભદ્ર,અમદાવાદ

હાજર રહયા : પ્રથમ પક્ષકાર તરફે : શ્રી એસ.એન.ગાંધી
બીજા પક્ષકાર તરફે : શ્રી એસ.બી.પરમાર

**–:: એ વો ર્ડ ::–**

(૧) હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે ''**સામાવાળા**'' અને ''**અરજદાર**'' તરીકે સંબોધવામાં આવેલા છે.

(૨) આ કામના અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતશ્રી અમદાવાદ સમક્ષ વિવાદ ઉત્પન્ન કરેલ અને તે કાર્યવાહીમાં સમાધાન નહીં થતાં સદરહુ વિવાદમાં મદદનીશ શ્રમ આયુકત, અમદાવાદ દવારા સદર રેફરન્સ ન્યાયનિર્ણય સારુ મજૂર અદાલત, અમદાવાદ ને જરૂરી કાર્યવાહી સારૂ મોકલાવેલ છે.

(૩) ઉપરોકત વિગતે અત્રેની કોર્ટમાં આ ઔદ્યોગીક વિવાદ ન્યાય નિર્ણય અર્થે સુપ્રત થતાં રેફરન્સ કેસ તરીકે દાખલ થયેલ અને હાલના કેસમાં અરજદાર તરફેથી માંગણાના નિવેદન રજૂ થવાના તબકકા પર કામ મુલતવી હોય ત્યારે બંન્ને પક્ષકારોની સહીઓથી તથા બીજા પક્ષકારના પ્ર તિનિધિશ્રીની સહીઓથી આ કામે સુયકત રીતે આંક–૬ થી સમાધાન રજુ કરેલ. જે બાબતે અરજદારને તે અન્વયે વેરીફાઈ કરવામાં આવતા, તે કબુલ મંજુર કરતા હોઈ, જેથી સમાધાન નોંધવામાં આવેલ. આમ ,હાલના કેસમાં પક્ષકારો વચ્ચે આંક–૬ થી રજુ થયેલ સમાધાન મુજબ હાલના કેસમાં લોક–અદાલતમાં તે બાબતે હુકમ કરી કામ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

(૪) લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હાલના એવોર્ડની પ્રસિધ્ધ થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

તારીખ : ૧૧/૧૨/૨૦૨૧
સ્થળ : અમદાવાદ.

(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)
CODE : GJ01279
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.

P V CHUDASAMA,P.A